ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/ ૦૬
જીઆઇડીસી,ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા.૦૨/03/૨૦૨૪

# // પરિપત્ર //

વિષયઃ- નિગમની વસાહતોમાં ઔદ્યોગિક શ્રમયોગી તાલીમ કેન્દ્ર **"Mini ITI"** સહાય યોજના માટે જમીન ફાળવવા બાબત.

સંદર્ભઃ- (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/ર.સુ/૩૧-૭૦૧-૯૭ તા.૨૨/૦૪/૧૯૯૭
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૫, તા.૦૬/૦૧/૨૦૦૯
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/ ૧(૯) ૦૯, તા.૧૮/૦૨/૨૦૧૦.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૫/૩૧ તા.૨૯/૦૮/૨૦૧૨.
(૫) નિગમના ઠરાવ ક્રમાંકઃ ૭૫/પ્રિ-વિતરણ/૫૧૯ તા.૨૧/૧૨/૨૦૨૩.

રાજયની મોટાભાગના ઔદ્યોગિક એકમોમાં ડીજીટલ મશીનરીનો ઉપયોગ થતો હોઇ, આ ડીજીટલ મશીનરીનો ઉપયોગ કરવા માટે યોગ્ય તાલીમબધ્ધ શ્રમયોગીની જરૂરિયાત રહેતી હોય છે. સ્થાનિક શ્રમિકોને તેઓના કાર્યસ્થળ નજીક ઉદ્યોગ સંબંધી તાલીમની સુવિધા મળી રહે તેવા ઉમદા ઉદ્દેશથી નિગમ દ્વારા કાર્યસુચિ ક્રમાંકઃ૩૩/પ્રિ-વિતરણ/૫૧૯ તા.૨૧/૧૨/૨૦૨૩ અન્વયે થયેલ ઠરાવ ક્રમાંકઃ ૭૫/પ્રિ-વિતરણ/૫૧૯ તા.૨૧/૧૨/૨૦૨૩ થી નિગમની વસાહતોમાં ઔદ્યોગિક શ્રમયોગી તાલીમ કેન્દ્ર **"Mini ITI"** માટે નીચેની શરતોને આધિન શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને જમીન ફાળવવાની થાય છે.

શરતોઃ-

(૧) નિગમની વસાહતોમાં ઔદ્યોગિક શ્રમયોગી તાલીમ કેન્દ્ર **"Mini ITI"** ના હેતુસર જમીન પ્રર્વતમાન વિતરણ દરના ૫૦% રાહત દરે શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને ફાળવવાની રહેશે.

(૨) "Mini ITI" માં જે તે વસાહત અને તેની નજીકમાં આવેલી જી.આઇ.ડી.સી.ની વસાહતમાં ચાલતા ઉદ્યોગોને અનુરૂપ કોર્ષ ડીઝાઇન કરી તેમાં ચલાવવાના રહેશે તેમજ આ અંગે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જરૂરી મંજુરીઓ મેળવેલ હોવી જરૂરી રહેશે.

(3) નિગમના સામાન્ય ફાળવણીના નિયમ અનુસાર નિગમના સંબંધિત ક્ષેત્રિય કચેરીની ઇજનેરી શાખામાંથી "Mini ITI" બનાવવા અર્થેના બાંધકામના નકશા મંજૂર કરાવવાના રહેશે.

(૪) "Mini ITI" તૈયાર થયા બાદ તેની અમલવારી નિભાવ/જાળવણી સંબંધિત શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા કરવાની રહેશે.

(૫) નિગમની અન્ય સામાન્ય શરતોને આધિન ફાળવણી કરવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્રના અર્થઘટન કરવાની અને તે અન્વયે નિર્ણય લેવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે.

નિગમના તમામ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/---
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.................તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(3) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
મેનેજર (મહેકમ)